# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref No. PN 2024-25/111 Dt. 17/10/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે લક્ષ્મીપતિ વિવિંગ તથા ગારમેન્ટ યુનિટની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી, કાપડથી લઇને ગારમેન્ટ બનાવવા સુધીનો અભ્યાસ કર્યો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની ઇન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા અને કો–ચેરમેન શ્રી ચેતન શેઠ સહિત ચેમ્બરના ૫૪ જેટલા સભ્યોના પ્રતિનિધિ મંડળે સચિન સ્થિત લક્ષ્મીપતિ વિવિંગ તથા ગારમેન્ટ યુનિટની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી હતી.

લક્ષ્મીપતિ વિવિંગ યુનિટના હેડ શ્રી સમીરભાઇ, એચઆર હેડ શ્રી હાર્દિક વઘવાની અને એચઆર વિભાગના સુશ્રી સાક્ષીબેને ચેમ્બરના પ્રતિનિધિ મંડળને આવકારી યુનિટ સંદર્ભે વિસ્તૃત જાણકારી આપી હતી. લક્ષ્મીપતિ વિવિંગ તથા ગારમેન્ટ યુનિટમાં ટેક્ષ્ટાઇલના વેલ્યુ એડીશન સુધીની પ્રક્રિયા થાય છે. કાપડથી લઇને રેડીમેડ ગારમેન્ટ સુધીની પ્રોસેસ આ યુનિટમાં કરવામાં આવે છે, આથી ચેમ્બરના પ્રતિનિધિ મંડળે વિવિંગ, સ્પીનિંગ, પ્રોસેસિંગ અને ગારમેન્ટીગ સુધીની પ્રક્રિયાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના સભ્યો પોતાનું ગારમેન્ટીગ યુનિટ શરૂ કરી શકે તે માટે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની આખી વેલ્યુ ચેઇન સંદર્ભે માર્ગદર્શન આપવા તથા યુનિટ શરૂ કરવા સહિતનું માર્ગદર્શન આપવાની પણ યુનિટ હેડ તરફથી તૈયારી બતાવવામાં આવી હતી.